તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૫૩ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૩૯ | ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૬, શનિવાર ; મહા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- કૃષિ ફાળવણી બજેટમાં ૩૦ ટકા સુધી વધશે
- પઠાણકોટ એટેક : પાક.માં અંતે એફઆઈઆર દાખલ
- નરેન્દ્ર મોદી હજુ વડાપ્રધાન પદ માટે સર્વશ્રેષ્ઠ ઉમેદવાર
- હાફિઝ સંબંધિત એકાઉન્ટ બ્લોક કરવાની તૈયારી શરૂ
- સ્માર્ટ ફોન ફ્રીડમ ૨૫૧ની નોંધણી શરૂ
- કોર્પોરેટ ટેક્સમાં એક ટકાનો ઘટાડો કરાય તેવી સંભાવના
- ડીયુ પૂર્વ પ્રોફેસર ગિલાનીને જામીન આપવા સાફ ઇન્કાર
- જેએનયુ વિવાદ : દેશભરમાં દરોડા, ખાલિદની શોધખોળ
- હિટ એન્ડ રન કેસ : સલમાનને સુપ્રીમ કોર્ટે ફટકારેલી નોટિસ

# જાટ અનામત આંદોલન ઉગ્ર બન્યું

**રોહતકમાં હિંસામાં એકનું મોત, ૧૫ ઘાયલ : વ્યાપક તોડફોડ કરાઈ : વાહનોને આગ ચાંપવાના બનાવ : ટ્રેનો રોકવામાં આવી સરકાર દ્વારા કમિટિની રચના : નુકસાન ન કરવા અપીલ**





ચંદીગઢ,તા. ૧૯

હરિયાણામાં અનામતની માંગણીને લઈને થઈ રહેલા વિરોધ પ્રદર્શનના લીધે આજે જનજીવન ખોરવાઈ ગયું હતું. ભારે તોડફોડનો સિલસિલો જારી રહ્યો હતો. સોનિપતથી પ્રાપ્ત અહેવાલ મુજબ અન્ય પછાત જાતિના વર્ગ હેઠળ અનામત આપવાની માંગણીને લઈને દેખાવ કરી રહેલા જાટ સમુદાયના લોકોએ હરિયાણાના નાણા મંત્રી કેપ્ટન અભિમન્યુના આવાસ ઉપર હુમલો કરી દીધો હતો. સાથેસાથે તેમની કારને પણ સળગાવી દીધી હતી. આ બનાવ રોહતકમાં બન્યો હતો. આ સંદર્ભમાં સુરક્ષા વ્યવસ્થા તરત જ મજબૂત કરવામાં આવી હતી. ૧૫ પોલીસ અધિકારીઓ અને બીએસએફની બે બટાલિયનો

● અનુસંધાન પાન-૭ પર

# કનૈયાકુમારની જામીન પર સુનાવણીનો સુપ્રીમનો ઈન્કાર

**કનૈયાની મુક્તિને માંગને લઈને દેખાવ : બિહારમાં ટ્રેનો રોકાઈ : જામીન માટે હાઈકોર્ટમાં અપીલ કરવા માટે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના પ્રમુખ કનૈયાને આદેશ કર્યો : જામીન અરજીમાં અનેક તર્કદાર દલીલો કરાઈ**

નવી દિલ્હી,તા. ૧૯

સુપ્રીમ કોર્ટે આજે દેશદ્રોહના મામલે ધરપકડ કરવામાં આવેલા જવાહર લાલ નહેરુ યુનિવર્સિટીના સ્ટુડન્ટ યુનિયનના પ્રમુખ કનૈયા કુમારની જામીન અરજી પર સુનાવણી કરવાનો સાફ ઈન્કાર કર્યો હતો. સાથે સાથે સુપ્રીમ કોર્ટે જામીન માટે હાઈકોર્ટમાં અપીલ કરવા માટે કનૈયા કુમારને કહ્યુ હતુ. યુનિવર્સિટી કેમ્પસમાં યોજાયેલા સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરૂ અંગેના વિવાદાસ્પદ કાર્યક્રમ બાદ દેશદ્રોહના મામલે તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. સમગ્ર મામલે દરમિયાનગીરી કરવાનો ઈન્કાર કરીને સુપ્રીમે કેટલીક સુચના આપી હતી. અગાઉ તેને સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રજૂ કરવામાં આવ્યો હતો. રાજદ્રોહના કેસમાં આરોપોનો સામનો કરી રહેલા જેએનયુ લીડર કનૈયા કુમારે ગઈકાલે કહ્યુ હતુ કે, તિહાર જેલમાં તેની જાન સામે ખતરો રહેલો છે. કનૈયા કુમાર સુપ્રીમ કોર્ટમાં જામીન માટેની અરજી ગઈકાલે કરી હતી. અત્રે નોંધનીય છે કે બુધવારના દિવસે કોર્ટ સંકુલમાં કનૈયાને લાવવામાં આવ્યો ત્યારે તેના ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. જેએનયુમાં એક કાર્યક્રમના સંદર્ભમાં રાષ્ટ્રદ્રોહના આરોપ મામલામાં કનૈયાને દિલ્હી પોલીસે ૧૨મી ફેબ્રુઆરીના દિવસે પકડી પાડ્યો હતો. બીજી માર્ચ સુધી તેને

● અનુસંધાન પાન-૭ પર

# નવ ટ્રેનોમાં મફત ગેમ અને ફિલ્મ હવે ડાઉનલોડ કરાશે

**ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા સુવિધા ઉપલબ્ધ કરાવાશે : પ્રાયોગિક ધોરણે બીકાનેર-સરાય રોહિલ્લા ટ્રેનમાં સુવિધા શરૂ હાર્ડડિસ્કમાં એપ મુકાયા બાદ મોડેથી પણ ઉપયોગ**

નવી દિલ્હી,તા. ૧૯

ભારતીય રેલવે ટૂંક સમયમાં યાત્રીઓને વધુ સુવિધા આપવાના પાસા ઉપર વિચારી રહી છે. યાત્રા દરમિયાન રેલવે દ્વારા ફિલ્મો ડાઉનલોડ કરવાની સુવિધા પણ આપવામાં આવશે. ઉત્તર પશ્ચિમ રેલવેની પસંદગીની સુપર ફાસ્ટ અને ડબલ ડેકર ટ્રેનોમાં એક મર્યાદિત વાઈફાઇ હોટસ્પોટ મારફતે મફત ફિલ્મ અને ગેમ ડાઉનલોડ કરવાની મંજુરી આપવામાં આવશે. એટલું જ નહીં ટ્રેનોના સંદર્ભમાં નવી માહિતી અને અન્ય સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા આ સુવિધા પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવી છે. આના માટે પસંદગીની ટ્રેનોના કોચમાં મર્યાદિત વ્યવસ્થા રાખવામાં આવી છે જેથી તેની અંદર બેઠેલા યાત્રીઓને સુવિધાનો લાભ મળી શકે. આ યોજના હજુ પરિક્ષણના આધાર પર ચાલી રહી છે. બીકાનેર-સરાય રોહિલ્લા ટ્રેનમાં આ સુવિધા શરૂ કરવામાં આવી ચુકી છે. અધિકારીઓ તેની સફળતા અંગે અહેવાલની રાહ જોઈ રહ્યા છે ત્યારબાદ અને અન્ય ટ્રેનોમાં પણ શરૂ કરવામાં આવશે. બીકાનેર-દિલ્હી સરાય રોહિલ્લામાં આ સુવિધા હાલમાં આપવામાં આવી છે. તેના દ્વારા પ્રેસ પ્લે નામના એપ મફતમાં ડાઉનલોડ કરી શકાશે.

આ એપ દ્વારા યાત્રી પોતાની પસંદગીની ગેમ, સંગીત અને ફિલ્મો ડાઉનલોડ કરી શકશે. એપ ડાઉનલોડ કરી લેવામાં આવ્યા બાદ માત્ર ટ્રેનના યાત્રા દરમિયાન આ સેવાનો ઉપયોગ કરી શકાશે. અલબત્ત યાત્રા દરમિયાન આ સુવિધાનો ઉપયોગ કરીને ડાઉનલોડ કરવામાં આવેલી સામગ્રીનો મોડેથી પણ ઉપયોગ કરી શકાશે. આ એપનો ઉપયોગ કરીને યાત્રા દરમિયાન જો કોઈ ફિલ્મ ડાઉનલોડ કરવામાં આવી છે તો તેને પોતાની હાર્ડડિસ્કમાં મુકીને મોડે પણ જોઈ શકાય છે. ટ્રેનની અંદર વાઈફાઈની સ્થિતિમાં આ સુવિધા મળશે.

# વિજય રૂપાણીની પ્રદેશ પ્રમુખ પદે તાજપોશી



**વર્ષ ૨૦૧૭ વિધાનસભાની ચૂંટણીમાં પક્ષનું નેતૃત્વ કરશે : ભાજપ ઓફિસ કમલમ ખાતે ચૂંટણી અને વરણીની તમામ પ્રક્રિયા તમામ વરિષ્ઠ નેતાઓની હાજરીમાં પૂર્ણ : પડકારો ઝીલવા તૈયાર છે : વિજય રૂપાણી**

અમદાવાદ, તા.૧૯

ગુજરાત ભાજપ રાજ્ય એકમના પ્રમુખ તરીકે આજે આખરે વિજય રૂપાણીની તાજપોશી કરવામાં આવી હતી. આની સાથે જ છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. આજે બપોરે વિજય મુહુર્તમાં પ્રમુખ પદે રૂપાણીના નામની જાહેરાત કરવામાં આવી હતી. રૂપાણી સામે કેટલાક નવા પડકારો પણ રહેલા છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની છાવણી વચ્ચે લાંબી ખેંચતાણ બાદ વિજય રૂપાણીની પસંદગી કરવામાં આવી હતી. બજેટ સત્રની પૂર્ણાહૂતિ સુધી રૂપાણી રાજ્યના મંત્રી અને પ્રદેશ પ્રમુખ બંને હોદ્દા સંભાળશે. વિજય રૂપાણીની વરણી બાદ સંબોધન

કરતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કહ્યું હતું કે, વિજયભાઈના નામમાં જ વિજય છે. વિજયભાઈ જ્યાં પણ ગયા છે ત્યાં વિજય થયો છે અને અમને ખાતરી છે કે ૨૦૧૭ અને દરેક નાની મોટી ચૂંટણીઓમાં ભાજપને જીત અપાવવામાં ભૂમિકા ભજવે છે. પ્રમુખ પદે નિમણૂંક કરવામાં આવ્યા બાદ વિજય રૂપાણીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ સહિત ભાજપના વરિષ્ઠ નેતાઓનો આભાર માન્યો હતો. રૂપાણીએ એમ પણ કહ્યું હતું કે, તેઓ પક્ષ સામે રહેલા તમામ પડકારો ઉપાડવા તૈયાર છે. તેમણે કહ્યું હતું કે, ભાજપનું પ્રમુખ પદ વિક્રમાદિત્યનું સિંહાસન છે. શિવાજી મહારાજ અને સંઘના પરમપૂજ્ય ગુરુજીના જન્મ દિવસે પ્રમુખપદ મળ્યું છે તે તેમના માટે મોટી સિદ્ધિની બાબત છે. પ્રદેશ પ્રમુખ બન્યા બાદ તેમણે કહ્યું હતું કે, બીજી પાર્ટીઓમાં માત્ર પરિવાર વાદ ચાલે છે જ્યારે ભાજપનું પ્રમુખપદ વિક્રમાદિત્યનું સિંહાસન છે. અગાઉ કોબા ખાતે ભાજપ કાર્યાલય કમલમમાં અધ્યક્ષની ચૂંટણી અને વરણીની પ્રક્રિયા પૂરી કરવામાં આવી હતી જેમાં પ્રદેશ પ્રમુખ દિનેશ શર્મા, પ્રદેશ પ્રમુખની ચૂંટણી માટે નિમાયેલા ખાસ ચૂંટણી નિરીક્ષક અર્જુન મેઘવાલ, મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સહિતના તમામ હોદ્દેદારો અને નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખપદે વરણી પહેલા વિજય રૂપાણી સંઘ ભવનમાં પહોંચ્યા હતા અને અગ્રણીઓને મળ્યા હતા. વિજય રૂપાણી વર્ષ ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનું નેતૃત્વ કરશે.


॥ શ્રી ગણેશાય નમઃ ॥
હોટલ ધ ગ્રાન્ડ મિડવે
● રેસ્ટોરન્ટ ● બેન્કેવટ હોલ ● રૂમ ●
ગાંધીનગરમાં સૌપ્રથમ વાર ૧૦ મે માળ રિસોર્ટ, રજવાડી અને સ્કાય લુક કુદરતી વાતાવરણમાં સ્વાદિષ્ટ ભોજનનો લાભ લેવા ગાંધીનગરના સર્વે નગરજનોને અમારુ આમંત્રણ છે.
સ્પે. ઓફર ૧૫% ડિસ્કાઉન્ટ
સ્વાદિષ્ઠ ભોજન: ● પંજાબી ● ચાઇનીઝ ● સાઉથ ઇન્ડીયન ● કાઠીયાવાડી ● ગુજરાતી
સ્પેશ્યીલીસ્ટ: ● બર્થ ડે પાર્ટી ● રીંગ સેરેમની ● મેરેજ હોલ ● મીટીંગ હોલ ● કોન્ફરન્સ મીટીંગ ● આઉટડોર કેટરીંગ
સુમન સીટી, સીને મેક્સ થીયેટરની ઉપર, ૧૦ મો માળ, સેક્ટર -૧૧, ગાંધીનગર
(મો) 99793 59233, 99254 49233
(ફોન) 079 232 22282/84
લીફ્ટની સંપૂર્ણ વ્યવસ્થા છે.



ENTRY FREE
2 DAYS TO GO!
www.habitatconclave.com
Organizer: GICEA – The Gujarat Institute of Civil Engineers & Architects
Co-organizers: SEP, SBST
Event Sponsor: VARMORA
HABITAT CONCLAVE
WHERE CREATORS MEET
SUSTAINABLE & SMART CITY
THERE'S SOMETHING FOR EVERYONE
FROM 1 BHK HOMES TO INDEPENDENT VILLAS.
Smart City Development Partners: super CITY, GANESH HOUSING, SUN, swagat group – ZINDAGI KI SHURUAAT
VISIT THE MEGA EXHIBITION FOR SUSTAINABLE PRODUCT RANGE
Co-organizers: Vishal Decor & Event Pvt. Ltd., PAL Enterprise – Event Management and Infrastructure Solution
Exhibition Diamond Sponsors: GALVACON TMT, DIAMOND TMT, ET TMT BARS
18 - 21 FEB, 2016 | AES GROUND, HELMET CIRCLE, VIJAY CROSS ROAD, NR. ADANI PETROL PUMP, DRIVE-IN ROAD, AHMEDABAD.
MEGA EXHIBITION 10:30 AM TO 7:30 PM | ASHAPALLI FESTIVAL 10:30 AM TO 10:00 PM



હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
● ગુજરાતી થાળી ● મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
● કાફે (24x7) ● બેન્કવેટ્સ ● રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82



Sleek – THE KITCHEN SPECIALIST
Sleek's innovative storage ideas created more space in my kitchen
Rajdhani Hardware
G-10, Meghmalhar, Sector-11, Gandhinagar-382 011.
Ph: 079-23229033, M-9825033740